પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા ,કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
**Email:Spl1-ahd@gujarat.gov.in**

## -: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪)ના નં-૨ ની કલમ-૧૪૪ અન્વયે થયેલ હુકમ

ક્રમાંક : વિ.શા./એ-સેકશન/પરમીટ/ શોપીંગમોલ-જાહેરનામું/૧૪૪/૨૦૨૨. તા-૨૦/૧૨/૨૦૨૨

વંચાણે લીધા:- (૧) ના.પો.કમિ.શ્રી, ઝોન-૫ નાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૫/આર.બી/૨૮૯૮/૨૦૨૨ તા:૧૯/૧૨/૨૦૨૨ તથા

(૨) ના.પો.કમિ.શ્રી, ઝોન-૩ નાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૩/૩૮૬૨/૨૦૨૨ તા:૧૬/૧૨/૨૦૨૨ અન્વયે.

ગુજરાત સરકાર, ગૃહ વિભાગના, પરિપત્ર ક્રમાંક વિ-૧/કઅવ /૧૦૨૦૧૩ / ૧૯૧૫૪, તા. ૦૮/૧૦/૧૩ સચિવાલય ગાંધીનગર નાઓના રાજ્યમાં શોપીંગ મૉલની સુરક્ષા બાબતના આદેશ અન્વયે.

ભુતકાળમાં વિશ્વમાં અમુક દેશોના શોપીંગ મોલવાળી જગ્યાઓ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટાપાયે જાનમાલની ખુવારી થયેલ, તેમજ ભવિષ્યમાં પણ આવા આંતકવાદી હુમલાઓની શક્યતાઓ નકારી શકાય નહિ, જેથી અમદાવાદ શહેરમાં આવેલ તમામ શોપીંગ મોલની પુરતી અને સુદ્રઢ સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તેમજ સંપુર્ણ તકેદારી રાખવી જરૂરી જણાય છે.

આથી, હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮.૧૧.૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/ મ, અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરૂ છું:

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ તમામ શોપીંગ મૉલના માલિકો/પ્રબંધકોએ તેમના શોપીંગ મોલમાં નીચે જણાવેલ પ્રમાણે ચુસ્ત અને સુદ્રઢ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવી:

(૧) મૉલના પાર્કિંગ અંદર પ્રવેશતા તમામ વાહનો ( ટુ વ્હીલર/ ફોર વ્હીલર વિગેરે ) નુ ઉંડાણપુર્વક ચેકિંગ કરવુ. ચેકિંગમાં અંડર વ્હીકલ સર્ચ મિરર/વ્હીકલ સ્કેનર વિગેરેનો પણ ઉપયોગ કરવો.

(૨) મૉલમાં પ્રવેશતા તમામ વ્યક્તિઓનુ ચેકિંગ કરવુ. ચેકિંગ માટે **DFMD/HHMD** વિગેરેનો ઉપયોગ કરવો સાથે જ તમામ પ્રવેશનારાઓને ફિઝીકલ ફ્રિસ્કિંગ કરવુ. મહિલાઓના ચેકિંગ માટે અલાયદા એન્કલોઝર બનાવવા. કોઇપણ વ્યક્તિ હથિયારો (ગન/ચપ્પુ વિગેરે) તેમજ એક્સ્પ્લોઝિવ પદાર્થો સાથે મૉલ પરિસરમાં પ્રવેશ ન કરે તેની તકેદારી રાખવી.

(3) મૉલમાં પ્રવેશ કરનારા તમામ વ્યક્તિઓના સામાન/ હેન્ડ બેગ વિગેરે તપાસ માટે બેગેજ સ્કેનર મશીનનો ઉપયોગ કરવો. મોલમાં પ્રવેશતા તમામ માલ-સામાન (**Goods**) નો એન્ટી સબોટેજ ચેકિંગ કરાવવુ તેના માટે બેગેજ સ્કેનર મશીનનો ઉપયોગ કરવો.

(૪) મૉલમાં **Explosive** જેવા પ્રતિબંધિત પદાર્થ ના આવે તે અંગેની ચકાસણી માટે તેમજ પાર્કિંગ સ્થળો/ બેસમેંટ ની નિયમિત એન્ટી સબોટેજ ચેકિંગ માટે એક્સ્પ્લોઝિવ ડિટેક્શનના સાધનો વસાવવા તેમજ સ્નીંફર ડોગનો ઉપયોગ કરવો.

(૫) દરેક મૉલના તમામ **Entry/Exit** ગેટો/ સર્વિસ ગેટો/ ઇમરજન્સી ગેટો ઉપર તથા સમગ્ર પેરીમીટર વિસ્તારમાં 24×7 સીમલેસ ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ" માટે પુરતી સંખ્યામાં ઉચ્ચ ગુણવતા વાળા હાઇ રિઝોલ્યુશન, **color - Image, I.P. Based, Night vision** સુવિધાવાળા **CCTV** કેમેરા લગાડવા, જેની ડેટા સ્ટોરેજ કેપેસિટી ન્યૂનતમ ૧૫ દિવસ હોવી જોઇએ. **CCTV** ફુટેજની મૉનીટરિંગ માટે એક કંન્ટ્રોલ રૂમ હોવો જોઇએ જે 24×7 કાર્યરત રહેશે.

(૬) જ્યારે જ્યારે મૉલની માલિકી બદલાય ત્યારે નવા માલિકને પણ ઉચ્ચ ગુણવતાવાળી સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવાની રહેશે. મૉલની માલિકીની ફેરબદલી ની જાણકારી અત્રેની કચેરીની સ્પેશ્યલ બ્રાંચમાં દિવસ ૦૭માં બિનચુક આપવાની રહેશે.

(૭) મૉલની સુરક્ષા માટે સિક્યુરિટી માટેના અધતન માનકો અને નિયમોના જાણકાર તથા પ્રશિક્ષિત સિક્યુરિટી ગાર્ડને રાખવાના રહેશે.

આ હુકમ તા.૨૭/૧૨/૨૦૨૨ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૪/૦૨/૨૦૨૩ ના કલાક ૨૪/૦૦ સુધી દિન-૬૦ માટે અમલમાં રહેશે.

**-:વિસ્તાર:-**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**-: જાહેર વિજ્ઞાપન :-**

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂં તેવી જાહેર જગ્યાઓએ નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટ્સ ઉપર, સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

**-:શિક્ષા:-**

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમીશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી,સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક, વહિવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.

(૧૭) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧, ક્રાઈમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૮) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૯) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ, અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ) અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ